**Selected verses of Ana(n)t Akhado to be sung before evening prayers during Jamati mushkil aasan satado and on the following Friday**

**Day 6**

આશાજી પછે સો જીવ દુનીયામાંહે આવ્યા, સતપંથ મારગે ચાલેજી;
હીગુંગીણું કહી જીવ હોશે, માત થઈ તમે તારો. હરી. (૩૨૬)

આશાજી માત તાત તો તમને જાણું, અવર ન જાણું કેઇજી;
અમારૂં મસ્તક તમારે હાથ, જ્યાં નાખો ત્યાં થાએ. હરી. (૩૨૭)

આશાજી મુસ્તક દીધા કીડે સો ધાવે, કીઆ સોજાણે બાલજી;
નાનું બાલક તે શું સમજે, માત થઇને તમે તારો. હરી. (૩૨૮)

આશાજી મોમન સરવે જીવ તમારા, બહુ છે ગુન્હેગારજી;
મહેરની નજર કરો મોરા સામી, પહોંચાડો દેવ દુઆર. હરી. (૩૩૧)

આશાજી તમારા જીવ તે તમને ઓળખે, લજ્જા અમારી રાખોજી;
હાથે હથવાડો દીઓ મોરા સામી, તો ઉતારો પહેલે પાર.
હરી૦ (૩૩૪)

આશાજી સુકા ફલ સો નહી કુછ ભાવે, તેનું મોહું ફીટફીટ થાયેજી;
ખારા પાણી સરોવર કહીએ, પીતાં તરસ ના જાયે. હરી. (૩૬૬)

આશાજી કુપાત્રે દાન ખારા જાણો, દસોંદ વીના નહી લેવેજી;
કલરમાંહે જેમ મેહુજ વરસે, તેનું ધાન ન થાયે. હરી૦ (૩૬૭)

આશાજી આલ ઇમામ ને પીર મુસલે, દાયેમ દસોંદ દેવેજી;
તબ સો પીર મુસલે કહીએ, જે કરે ન મન મોટાઈ. હરી૦ (૩૬૮)

**(Please go to the next page)**

**Selected verses of Ana(n)t Akhado to be sung before evening prayers during Jamati mushkil aasan satado and on the following Friday**

**Day 6 (continued)**

આશાજી પેલી આલ મુસલે કહીએ, જો દસોંદ નરકું દેવેજી;
અરજ બંદગીસું દસોંદજ દેવે, દેવે આપોહી આપ. હરી. (૩૬૯)

આશાજી સંધ્યા વેલા તમે મત કોઈ ચુકો, એ છે ગુરની એંધાણીજી;
એ વેલા તમને દીધી, કીધી તે દીનની બારી. હરી૦ (૨૫૨)

આશાજી બીજી વેલા એંહીજ જાણો, રાત ઘડી છ ગઇ જાણોજી;
તે તો બારી દરગા તણી, ગુરથી થાવો હુશીઆર. હરી. (૨૫૩)

આશાજી ત્રીજી સંધ્યા પાછલી જાણો, ખટ ઘડી પરમાણોજી;
એ બારી સરગની ભણીએ, લેવે ગુરને હાથ. હરી૦ (૨૫૪)

આશાજી ચોથી બારી નહીં કુછ બોલે, નીત નીત કરવી વધાઈજી;
ગુરનરસું નીત હેતજ રાખો તો પહોંચો સરગદુઆર. હરી. (૨૫૫)

આશાજી પાંચમી બારી દસોંદની કહીએ, તે સહુથી મોટી જાણોજી;
તે માંહે તમે રહો હુશીયાર, તો રહેશો ગુરનરને સાથ. હરી. (૨૫૬)

**Original Source:** Pir Hasan Kabirdin's Ana(n)t Akha***d***o. Published by the Ismailia Association for India, Bombay, 1949; 1952.